# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2023** **Midday: 1.20 to** 1.30

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તર ખાતે 26 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનો શિલાન્યાસ કર્યો છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે તેલંગાણામાં મનોહરાબાદ અને સીદીપેટ વચ્ચે નવી રેલ લાઇનનું લોકાર્પણ કરશે.
- મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના નેતૃત્વમાં ચૂંટણી પંચની ટીમ આજથી ત્રણ દિવસ માટે તેલંગાણાની મુલાકાતે પહોંચી છે.
- વિશ્વ બેંકે નાણાંકીય વર્ષ 2023-24 માટે ભારતનો સંભવિત આર્થિક વિકાસ દર 6.3 જાળવી રાખવાનો નિર્ણય લીધો છે.
- દિલ્હી પોલીસના ખાસ દળે ગઈકાલે દક્ષિણ દિલ્હીના જેતપુરમાંથી ISISના શંકાસ્પદ આતંકવાદી શાહનવાઝની ધરપકડ કરી હતી.
- ચીનમાં રમાઇ રહેલા એશિયાઇ રમતોત્સવમાં ભારતે અત્યાર સુધી 13 સુવર્ણચંદ્રક, 24 રજતચંદ્રક, અને 24 કાંસ્યચંદ્રક મળીને કુલ 61 ચંદ્રકો જીતી લીધા છે.

.............................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV. CHHATTISGARH-PM PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તર ખાતે 26 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનો શિલાન્યાસ કર્યો છે. તેમણે નાગરનાર ખાતેના એનએમડીસીના ગ્રીનફીલ્ડ સ્ટીલ પ્લાન્ટને દેશને સમર્પિત કર્યો હતો.

24 હજાર કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલ આ સ્ટીલ પ્લાન્ટ ઉચ્ચ ગુણવત્તાના સ્ટીલનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. જગદાલપુર ખાતે પ્રધાનમંત્રીએ જગદાનપુર રેલવેસ્ટેશનના આધુનિકીકરણનું ભૂમિપૂજન કર્યું હતું. તથા અંતગઢથી તારોકી વચ્ચેના નવા રેલવેમાર્ગનું ઉદઘાટન કર્યું હતું. તેમણે જગદાલપુરથી દાંતેવાડા વચ્ચેના રેલમાર્ગને દ્વીમાર્ગી કરવાના પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું તથા તારોકી અને રાયપુર વચ્ચેની ટ્રેનને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યુ હતું.

પ્રધાનમંત્રીએ કુંકુરી અને છત્તીસગઢથી ઝારખંડ વચ્ચેના નવનિર્મિત રાષ્ટ્રીય ધોરીમાર્ગનું લોકાર્પણ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . .

## PM TELANGANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે તેલંગાણામાં મનોહરાબાદ અને સીદીપેટ વચ્ચે નવી રેલ લાઇનનું લોકાર્પણ કરશે. શ્રી મોદી ધરમાબાદ અને મનોહરાબાદ વચ્ચે વિધયુતિકરણ નું પણ લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ તેલંગાણા ના નિઝામાબાદથી આંધ્રપ્રદેશના મહેબૂબ નગર અને કુર્નૂલ સુધીની રેલ્વે લાઇનના વિધ્યુતીકરણનું પણ ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી નિઝામાબાદમાં 8

હજાર કરોડ રૂપિયાની વિવિધ વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન પણ કરશે.આ સાથે જ 800 મેગાવોટનો પાવર પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ અતિ આધુનિક પાવર પ્લાન્ટ 6 હજાર કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે અને અહીં ઉત્પાદિત થતી 85 ટકા વીજળીનો ઉપયોગ ખૂબ ઓછા ખર્ચે થશે. આ થકી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીમાં પણ વધારો થશે . શ્રી મોદી વીસ જિલ્લા મથકમાં પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજનાના સ્વાસ્થ્ય માળખા માટે શિલાન્યાસ પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . .

## HYDRABAD ECI

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના નેતૃત્વમાં ચૂંટણી પંચની ટીમ આજથી ત્રણ દિવસ માટે તેલંગાણાની મુલાકાતે પહોંચી છે.

આ દરમિયાન તેઓ રાજ્યમાં ચૂંટણીની તૈયારીનું નિરીક્ષણ કરશે અને રાજનૈતિક દળ તેમજ પ્રવર્તમાન એજન્સીઓ સાથે બેઠક કરશે. તો આવતીકાલે જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક ચૂંટણી પંચને ચૂંટણીની તૈયારીઓની જાણકારી આપશે. અંતિમ દિવસે ચૂંટણી પંચની ટીમ રાજ્યના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિદેશક સાથે બેઠક કરશે.ઉલ્લેખનીય છે કે તેલંગાણામાં આ વર્ષના અંતમાં વિધાનસભા ચુંટણી યોજાશે.

. . . . . . . . . . . . . . . . . . .

## TELANGANA-JANASENA

તેલંગાણામાં જનસેના પાર્ટી 119 વિધાનસભા બેઠકોમાંથી 32 બેઠકો પર ચૂંટણી લડશે. અભિનેતામાંથી રાજકારણી બનેલા પવન કલ્યાણની પાર્ટી, ખમ્મમ અને નાલગોંડા જિલ્લાઓ ઉપરાંત ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં અને તેની આસપાસ સ્થિત બહુમતી બેઠકો પર ચૂંટણી લડશે એ જાહેરાત કરી હતી. પાર્ટીના ઉપાધ્યક્ષ બી મહેન્દ્ર રેડ્ડીએ મીડિયાને માહિતી આપી કે પાર્ટી ઘણા મતવિસ્તારોમાં નિર્ણાયક સ્થિતિમાં છે અને તે આ વખતે 32 બેઠકો પરથી ચૂંટણી લડશે. નોંધનીય છે કે, જેએસપીએ ગત ચૂંટણીમાં 7 લોકસભા મતવિસ્તાર સીમાથી ચૂંટણી લડી હતી.

. . . . . . . . . . . . . . . . . . .

**WORLD BANK INDIA**

વિશ્વ બેંકે નાણાંકીય વર્ષ 2023-24 માટે ભારતનો સંભવિત આર્થિક વિકાસ દર 6.3 જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. બાહ્ય પડકારો હોવા છતાં ભારતે મજબૂત આર્થિક વિકાસ દર્શાવ્યો છે. તેને ધ્યાનમાં લઇને દેશનો આર્થિક વિકાસદર 6.3 રહેવાનો આગાહી યથાવત રખાઇ છે.

ઉલ્લેખની છે કે, વિશ્વ બેંકે ભારતનો સંભવિત આર્થિક વિકાસદર 6.6 ટકા રહેવાની ધારણા વ્યકત કરી હતી. ત્યારબાદ ગત એપ્રિલ મહિનામાં વિશ્વ બેંકે વિકાસદરની સંભાવના ઘટાડીને 6.3 ટકા કરી હતી.

-----------------------------

## ISIS terrorist

દિલ્હી પોલીસના ખાસ દળે ગઈકાલે દક્ષિણ દિલ્હીના જેતપુરમાંથી ISISના શંકાસ્પદ આતંકવાદી શાહનવાઝની ધરપકડ કરી હતી. સાથે અન્ય બે વોન્ટેડ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે.

નેશનલ ઈન્વેસ્ટિગેશન ટ્રિબ્યુનલ તેની શોધખોળ ચલાવી રહી હતી અને તેના પર 3 લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.  દિલ્હી પોલીસના સ્પેશિયલ કમિશનર એચ.એસ ધાલીવાલે કહ્યું કે શાહનવાઝના કબ્જામાંથી બોમ્બ બનાવવાની સામગ્રી અને પાકિસ્તાન સ્થિત ઓપરેટરો દ્વારા મોકલવામાં આવેલી અન્ય વાંધાજનક સામગ્રી મળી આવી છે. તેમણે જણાવ્યું કે, તપાસ દરમિયાન જણાઈ આવ્યું છે કે આ લોકોએ તેમના અડ્ડા સ્થાપિત કરવા માટે દક્ષિણ ભારત અને ગુજરાતના અમદાવાદ સહિત હુબલી, ધારવાડમાં રેકી કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

**ASIAN GAMES- 1055 HRS**

ચીનમાં રમાઇ રહેલા એશિયાઇ રમતોત્સવમાં ભારતે અત્યાર સુધી 13 સુવર્ણચંદ્રક, 24 રજતચંદ્રક, અને 24 કાંસ્યચંદ્રક મળીને કુલ 61 ચંદ્રકો જીતી લીધા છે. અર્જુન સિંહ અને સુનિલ સિંહ સાલમની જોડીએ પૂરૂષોની 1 હજાર મીટર ઇવેન્ટમાં કાંસ્યચંદ્રક જીતી લીધો છે.

તિરંદાજીમાં જયોતિ વેનામ અદિતિ ગોપીચંદને પરાજય આપીને ફાઇનલમાં પહોંચી છે. પૂરૂષોની કંપાઉન્ડ વ્યક્તિગત ઇવેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં અભિષેક વર્માએ એન્ડ્રીને પરાજય આપ્યો છે. આ સાથે અભિષેક વર્માએ આ ઇવેન્ટમાં ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

મહિલાઓની હોકી ટીમે હોંગકોંગને 13-0થી પરાજય આપીને સ્પર્ધાની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ટેનિસમાં ભારતની મહિલા ટીમે મોંગોલિયા સામે વિજય મેળવ્યો છે. પુરૂષોની 4 બાય 400 મીટર દોડમાં ભારતે ચોથો ક્રમાંક મેળવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . .

## PM-ASIAN GAMES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરવા બદલ ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

આજે સોશિયલ મીડિયા પોસ્ટ્માં શ્રી મોદીએ એશિયન ગેમ્સમાં મહિલાઓની 3000 મીટર સ્ટીપલચેઝ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતવા બદલ પ્રીતિ લાંબાને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે કહ્યું કે, પ્રીતિ લાંબાની અતૂટ દ્રઢતા અને નિર્ણાયક નિશ્ચય પ્રેરણાના દીવાદાંડી તરીકે ચમકે છે. પ્રધાનમંત્રીએ એશિયન ગેમ્સમાં ચાર બાય 400 મીટર મિશ્ર રિલે ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતવા બદલ મોહમ્મદ અજમલ, વિથ્યા રામરાજ, રાજેશ રમેશ અને વેંકટેશન સુભાને અભિનંદન પાઠવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . .

## J&K-SANSKRIT MAHOTSAV

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ ગઈકાલે શ્રીનગરમાં સંસ્કૃતિ મહોત્સવમાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં કર્ણાટકના મુખ્ય લોકનૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. તેમના સંબોધનમાં લેફ્ટનન્ટ ગવર્નરે કર્ણાટકના કલાકારોનું જમ્મુ અને કાશ્મીરમાં સ્વાગત કર્યું અને ભારતીય સંસ્કૃતિની વિવિધતાને પ્રોત્સાહન આપવા માટે જમ્મુ અને કાશ્મીર એકેડેમી ઓફ આર્ટસ એન્ડ કલ્ચરના પ્રયાસોની પ્રશંસા કરી હતી

લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે અમારો મુખ્ય ઉદ્દેશ્ય સાંસ્કૃતિક વિવિધતાને લોકપ્રિય બનાવવાનો અને યુવાનોને દેશની અદ્ભુત પરફોર્મિંગ આર્ટ સાથે જોડવાનો છે. તેમણે કહ્યું કે આવા સાંસ્કૃતિક કાર્યક્રમો એક ભારત, શ્રેષ્ઠ ભારતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે અને સમાજમાં શાંતિ, સમૃદ્ધિ અને સુખ લાવે છે.

. . . . . . . . . . . . . . . . . .

## LARGEST AAMBEDAKR STATUTE

ઉત્તર અમેરિકામાં 14મી ઓક્ટોબરે મેરીલેન્ડની બહાર બાબાસાહેબ આંબેડકરની સૌથી મોટી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે.

આયોજક આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ના જણાવ્યા અનુસાર, સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી નામની 19 ફૂટની પ્રતિમા જાણીતા કલાકાર અને શિલ્પકાર રામ સુતાર દ્વારા બનાવવામાં આવી છે. જેઓએ ગુજરાતના અમદાવાદમાં સરદાર પટેલની પ્રતિમાનું પણ નિર્માણ કર્યું હતું. મેરીલેન્ડના એકોકીક શહેરમાં 13 એકર જમીન પર ભારતના બંધારણના મુખ્ય ઘડવૈયા બાબસાહેબ આંબેડકરની પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

# US-INDIA RELATIONS

અમેરીકાના વહીવટીતંત્રના કેટલાક ટોચના અધિકારીઓએ અમેરિકા -ભારત સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાની પ્રતિબદ્ધતા બદલ વિદેશમંત્રી  ડૉ. એસ જયશંકરની પ્રશંસા કરી છે.

ડો. જયશંકરના સન્માનમાં અમેરીકામાં ભારતના રાજદૂત તરનજિત સિંહ સંધુ દ્વારા આયોજિત વિશેષ સત્કાર સમારંભ માં વહીવટીતંત્રએ  ભારત-યુએસ સંબંધોને સૌથી વધુ નિર્ધારિત ભાગીદારી તરીકે ગણાવ્યા હતા. આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ જો બાઈડેનના  સ્થાનિક નીતિ સલાહકાર નીરા ટંડેન સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------

# NIA RAIDS

રાષ્ટ્રીય તપાસ એજન્સી એનઆઈએ  એ ગઈકાલે મુનચિંગપુટ્ટુ સીપીઆઈ(એમ) ષડયંત્ર કેસમાં આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં 62 સ્થળોએ  દરોડા પાડ્યા હતા. NIAએ એક વ્યક્તિની ધરપકડ કરી અને હથિયારો, રોકડ અને ગુનાહિત સામગ્રી જપ્ત કરી હતી.

એનઆઈએ એ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન, આંધ્રપ્રદેશના સત્ય સાંઈ જિલ્લામાંથી 14 રાઉન્ડ સાથે એક પિસ્તોલ જપ્ત કરવામાં

આવી હતી અને કડપા જિલ્લામાં એક પરિસરમાંથી 13 લાખ રૂપિયાની રકમ જપ્ત કરવામાં આવી હતી, જ્યારે માઓવાદી સાહિત્ય અને દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------